- અંગ્રેજીમાં સામાન્ય નામની આગળ આર્ટીકલ લખવો પડે છે.
- આર્ટીકલના બે પ્રકાર છે.
    - અનિશ્ચિત આર્ટીકલ (Indefinite Articles) : **A અને An**
    - નિશ્ચિત આર્ટીકલ (Definite Article) : **The**

## 1. <u>અનિશ્ચિત આર્ટીકલ (Indefinite Articles) : A અને An</u>

- A અને An નો અર્થ "એક" અથવા "કોઈ પણ એક" એવો થાય છે.
- A અને An ફક્ત એકવચન નામની આગળ જ લાગે છે.
    - એક કુતરો - a dog
    - એક હાથી - an elephant
    - એક છોકરી - a girl

- **A નો ઉપયોગ ક્યારે થાય**
- જો શબ્દની શરૂઆત વ્યંજનથી થતી હોય તો A આર્ટીકલ આવે છે.(ક, ખ, ગ, ઘ)
    - A mango
    - A classroom
    - A lion
    - A monkey

- શબ્દની શરૂઆત સ્વરથી થઈ હોય, પરંતુ જો તેનો ઉચ્ચાર વ્યંજનથી શરૂ થતો હોય તો પણ A આવે.
    - A European
    - A University
    - A unit
    - A one-way road
    - A one rupees note

www.gujmaterial.com

- **An નો ઉપયોગ ક્યારે થાય**

➢ જો શબ્દની શરૂઆત સ્વરથી થતી હોય તો An આર્ટીકલ આવે છે.(અ,આ,..., અ:)

- An ox
- An actor
- An engineer

➢ જો શબ્દની શરૂઆત વ્યંજનથી થઈ હોય, પરંતુ તેનો ઉચ્ચાર સ્વરથી શરૂ થતો હોય તો પણ an આવે.

- An hour
- An heir
- An honest man
- An honorable man
- An S.P.

## 2. <u>નિશ્ચિત આર્ટીકલ (Definite Articles) : The</u>

➢ The કોઈ નિશ્ચિત વસ્તુ, વ્યક્તિ કે પ્રાણીનો નિર્દેશ કરે છે.

➢ The નું ગુજરાતી "એ" એવું થાય છે.

➢ કોઈ વસ્તુ કે પ્રાણીની વાત પહેલા થઈ ચુકી હોય અને તે જ વસ્તુ કે પ્રાણીની વાત ફરીથી કરીએ ત્યારે તે નિશ્ચિત બને છે અને તેને The આર્ટીકલ લાગે છે.

- This is camel. The camel is tall.
- This is an apple. The apple is red.

➢ કોઈ નામ જયારે આખા વર્ગનો, સમુહનો કે જાતિનો ઉલ્લેખ કરતું હોય ત્યારે તેની આગળ The આર્ટીકલ વપરાય છે.

- The cow is give a milk.
- The rose color is red.

www.gujmaterial.com

- જયારે આપણે કોઈ ચોક્કસ વસ્તુ, વ્યક્તિ, સ્થળ કે પ્રાણીની વાત કરાવી હોત ત્યારે The આર્ટીકલ મુકવો પડે છે.
  - Open the window.
  - I like the flower of red color.

- જે વસ્તુ દુનિયામાં એક અને માત્ર એક જ હોય તેની આગળ The આર્ટીકલ વપરાય છે.
  - The sun
  - The sea
  - The sky
  - The Tajmahal

- નદીઓના નામ, પર્વતોની હાર માળાના નામ, ટાપુઓના નામ, ખંડોના નામ, મહાસાગરોના નામ, દિશાઓના નામ, ધાર્મિક ગ્રંથોના નામ, વર્તમાન પત્રોના નામ આગળ The આર્ટીકલ વપરાય છે.
  - The Yamuna
  - The Himalaya
  - The West
  - The Bhagwat Geeta

- કોઈ પણ દેશના કે જ્ઞાતિના કે અમુક વર્ગના લોકોનો સમુહ બતાવવા માટે The આર્ટીકલ વપરાય છે.
  - The Hindus
  - The Indian
  - The poor men

- ક્રમ વાચક સંખ્યાઓની આગળ The આર્ટીકલ વપરાય છે.
  - The first
  - The last

# આર્ટીકલ ન લાગે

- ખાસ નામને આર્ટીકલ લાગતો નથી.
  - Jalpesh
  - Hardik
  - Bhavnagar
- ભાષા અને રમત-ગમતના નામને આર્ટીકલ લાગતો નથી.
  - Gujarati
  - Cricket
  - Hokey
- વારના નામ, મહિનાના નામને આર્ટીકલ લાગતો નથી.
  - Tuesday
  - Friday
  - April
  - June
- સમુહવાચક કે બહુવચન નામને આર્ટીકલ લાગતો નથી.
  - Men
  - teeth
- દ્રવ્ય વાચક નામને આર્ટીકલ લાગતો નથી.
  - Water
  - Gold
  - Silver
  - Steel

www.gujmaterial.com

- સબંધ બતાવતા અને ભાવવાચક નામને આર્ટીકલ લાગતો નથી.
  - Father
  - Love

- રોગોના નામને આર્ટીકલ લાગતો નથી.
  - Fever
  - cholera

- તહેવારો અને ઋતુઓના નામને આર્ટીકલ લાગતો નથી.
  - Holi
  - Summer

- વિશેષણને આર્ટીકલ લાગતો નથી.
  - Good
  - Clever
  - Big

www.gujmaterial.com